Total - 36 Pages
November - 2019
Vol No. 63 - Issue No. 8

R.N.I.No. : 11555 / 1966
Price Rs. 1/-

JYOTI PUNJ



# જ્યોતિપુંજ



## ચાલો
## શામળાજીના મેળામાં જઈએ



legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | $DX^3$ MCB |
| MYLINC™ | DLP - $LCS^2$ |
| BRITZY | LYNCUS™ |
| $RX^3$ MCB-RCCB | EKINOXE™ DB |
| $DPX^3$ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

## HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૩ | ૮ | ૨૧-૧૧-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ



પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


# તુલસી અને દિપકનું માહાત્મ્ય





**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ગુણોમાં જેની તોલે કોઈ ન આવે તે તુલસી. તુલસી ભારતીય માટે ખૂબ જ પવિત્ર છોડ છે. વિષ્ણુપ્રિય તુલસી પૂજામાં, પ્રસાદમાં, ભોગ ધરાવવામાં ખાસ વપરાય છે, જે સ્વયં શુધ્ધિકર છે.

**यन्मूले सर्व तीर्थानि यन्नग्रे सर्व देवता ।**
**यन्मध्ये सर्व वेदाश्च तुलसी तां नमाम्यहम् ।।**

**જેના મૂળમાં સઘળાં તીર્થ રહેલાં છે,**
**જેની ટોચે સર્વ દેવતાઓનો વાસ છે,**
**જેના મધ્યમાં સઘળા વેદ રહે છે,**
**એ તુલસીને હું વંદન કરું છું.**

સત્યભામાએ એકવાર પોતાની બધી જ સંપત્તિના તોલે ભગવાન શ્રીકૃષ્ણને તોલ્યા પણ જ્યાં સુધી શ્રી રુકમણીજીએ ભાવપૂર્વક તુલસીનું પર્ણ ન મૂક્યું ત્યાં સુધી ભગવાન તોળાયા નહીં. તુલસીદળને તો માથે ચઢાવાય. તુલસીદળ વિના ઠાકોરજીને ધરાવાતો ભોગ અધૂરો ગણાય છે. શ્રી કૃષ્ણને જેટલી એમની વાંસળી પ્રિય છે એટલાં જ તુલસીજી પ્રિય છે.

ભારતમાં મોટા ભાગનાં ઘરોમાં, ઘરની આગળ કે પાછળના ચોગાનમાં, બારી-બાલ્કનીમાં તુલસીક્યારો, કુંડામાં તુલસીનો છોડ હોય છે. ઘરની સ્ત્રી, ઘરની વ્યક્તિ તે તુલસીજીને જળ સીંચે છે, ત્યાં દીવો કરે છે, તેની પૂજા કરીને પછી પ્રદક્ષિણા કરે છે. તેના પાન, ડાળીઓ, મંજરી, બી અને જેમાં તુલસી વાવી છે તે માટી

KAYCEE KI
pla
BRISK
RGK MARQUARDT
MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL
select
BOHMEN
HIKSON
CE
ETI
UPGREEN CORPORATION
ELMECO
ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com www.modyelectrotraders.com

પણ પવિત્ર ગણાય છે. તુલસીનાં પાનનું ઔષધરૂપે પણ ઘણું મૂલ્ય છે. શરદી અને અનેક રોગોના ઉપચાર કરવામાં તુલસી વપરાય છે.

## કારતક સુદ અગિયારસ એટલે તુલસી વિવાહનો અવસર

સાંજના સમયે ભગવાન વિષ્ણુ સાથે તુલસી-વિવાહ કરવામાં આવે છે. ઈન્દ્રનો ગર્વ ઉતારવા ભગવાન શંકરે જાલંધરને ઉત્પન્ન કર્યો, પરંતુ તે દેવોને જ ભારે પડી ગયો. જાલંધર પોતાની પત્ની વૃંદાની શીલ-શક્તિના પ્રભાવથી અજેય રહ્યો હતો. તેને હરાવવા માટે જાલંધર રણભૂમિમાં હતો તે વેળા વિષ્ણુએ જાલંધરનું રૂપ લીધું ને મહાસતી વૃંદા પાસે ગયા. તેમણે તેના ભોળપણનો લાભ ઉઠાવીને તેને શલીભંગ કરી. સતી વૃંદા જ્યારે કપટ સમજી ગઈ ત્યારે તેણે વિષ્ણુને શ્રાપ આપ્યો કે તું પથ્થર થઈને પડીશ તો વિષ્ણુએ વૃંદાને કહ્યું કે તો તારે વનસ્પતિ થવું પડશે.

તે પછી વૃંદાએ જ્યારે ભગવાનને ઓળખ્યા ત્યારે તે પસ્તાવો કરીને નમી પડી. ભગવાને કહ્યું, વૃંદા ! હું તને તરછોડીશ નહીં. આજથી હું તારા વિના ભોજન નહીં આરોગુ. બીજા જન્મે તને મારી પટરાણી બનાવીશ. ત્યાર પછી ભગવાન શાલીગ્રામ - કાળો પત્થર થયા ને વૃંદા વનસ્પતિ-તુલસી થયા. એટલે ઠાકોરજીના નૈવેદ્યમાં તુલસીપત્ર હોવા જ જોઈએ. નહીં તો તેઓ પ્રસાદ આરોગતા નથી.

## જ્યોત સે જ્યોત જલાકે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો....

ભારતભરમાં દરેક ઘરે ભગવાનની આગળ દીવો કરવામાં આવે છે. કેટલાક ઘરોમાં સવારે દીવો કરવામાં આવે છે અને ક્યાંક સાંજે. કેટલાક ઘરોમાં અખંડ દિપક જલતો રખાય છે. રોજીંદી પૂજા, ધાર્મિક પ્રસંગો, ઉત્સવો અને ઉદ્‌ઘાટન જેવા અનેક સામાજીક પ્રસંગોનો શુભારંભ દિપકના પ્રાકટ્ય થકી કરવામાં આવે છે અને પ્રસંગ પૂરો થાય ત્યાં સુધી દિપકને જલતો રાખવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં દિપક શા માટે પ્રગટાવવામાં આવે છે ?

પ્રકાશ જ્ઞાનનું પ્રતિક છે, અને અંધકાર અજ્ઞાનનું. ઈશ્વર જ્ઞાનનો પુંજ છે તે ચૈતન્ય સ્વરૂપ છે. તે જ સર્વ પ્રકારના જ્ઞાનનું ઉદ્‌ભવસ્થાન, જ્ઞાનને પ્રગટ કરનાર અને જ્ઞાનના સાક્ષી છે. તેથી ઈશ્વર રૂપે પ્રકાશની દિપકની આરાધના કરવામાં આવે છે.

પ્રકાશ અંધકારનો નાશ કરે છે. તેવી જ રીતે જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે. વળી, જ્ઞાન એવી આંતરસંપત્તિ છે કે જેના થકી સર્વ પ્રકારની બાહ્ય સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. માટે સર્વ સંપત્તિઓમાં મહદ્ સંપત્તિરૂપે જ્ઞાનને આપણે વંદન કરીએ છીએ. આપણા સારા નરસા સર્વ કર્મનો આધાર જ્ઞાન છે. તેથી જ શુભ પ્રસંગોમાં આપણા સર્વ વિચારો અને કર્મોના આધારરૂપે દિવાને આપણે પ્રજવલીત રાખીએ છીએ.

આપણે વિજળી ના બલ્બ કે ટયુબલાઈટ કેમ નથી કરતા ? એ પણ અંધકારનો નાશ તો કરશે જ. પણ ઘીના અથવા તેલના દિવાનું વિશેષ આધ્યાત્મિક મહત્વ છે. દીવામાનું ઘી આપણી વાસનાઓનું કે નકારાત્મક વૃત્તિઓનું પ્રતિક છે. ને વાટ અહમ્‌નું. આધ્યાત્મિક જ્ઞાન વડે વાસનાઓનો ધીમે ધીમે ક્ષય થાય છે અને અંતે અહમ્ પણ નાશ પામે છે. દિપકની જ્યોત સદાય ઊર્ધ્વગામી હોય છે. એ જ રીતે, આપણે પણ ઉચ્ચતર આદર્શો પ્રતિ ગતિ થાય એવું જ્ઞાન સંપાદન કરવું જોઈએ.

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd., Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

એક વિદ્વાન માણસ પોતાનું જ્ઞાન અનેકને આપી શકે છે. તેમ એક જ દિપક સેંકડો દિપક પ્રગટાવી શકે છે. બીજા દિપકોને પ્રગટાવવા છતાં મૂળ દિપકનો પ્રકાશ કંઈ ઝંખવાતો નથી. બરાબર તેવી જ રીતે જ્ઞાનનું અનેકોમાં વિતરણ કરવા થકી જ્ઞાન વધારે તર્કશુધ્ધ બને છે. જ્ઞાનમાં આપણી નિષ્ઠા વધારે પાકી બને છે. આ પ્રક્રિયામાં જ્ઞાનના દાતા અને પ્રદાતા બંને સમૃધ્ધ થાય છે.

સ્વામી ચિન્મયાનંદ કહે છે...

**મનોહર દીપજ્યોતિ શિવાય**

**અન્ય કઈ વસ્તુ ઘરને શોભાવશે ?**

**ગહન જ્ઞાન પ્રકાશ શિવાય**

**અન્ય કઈ વસ્તુ મનને આભૂષિત કરશે ?**

આમ દીવો કરવાની પરંપરામાં બૌદ્ધિક અને આધ્યાત્મિક અર્થનો ભંડાર ભરેલો છે. ભારતીય સંસ્કૃતિ ખરેખર ઉમદા પરંપરાઓથી સમૃધ્ધ છે. ✤✤✤✤✤

Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

## સ્વામીશ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ આયોજીત

## શ્રી અશીત નવનીતલાલ દેસાઈ (દેડકી)

## ની ત્રીજી પુણ્યતિથિ નિમીત્તે

# સ્મૃતિ ભકિત સંધ્યા

**કાર્યક્રમ : સોમવાર તા. ૧૨-૧૨-૧૯ - સમય : સાંજે ૫.૩૦ થી ૭.૩૦ સુધી**

**શીવરંજની ગ્રુપ – By જોની શાહ અને સાથીઓ**

**સ્થળ : પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન. બાબુલનાથ-મુંબઈ**

**લી.**

**સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી)**

**સ્મિતા અશીત દેસાઈ**




મનીષા બિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગૂનવાલા) પુરસ્કૃત
# દાંડિયા રાસ - ઉપનગર વિભાગ



શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગૂનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના દાંડિયા રાસ રવિવાર તા. ૨૦.૧૦.૨૦૧૯ સાંજે ૬.૦૦ વાગ્યાથી મહિલા આધાર ભવન, બોરીવલી (પશ્ચિમ) ખાતે યોજવામાં આવ્યા હતો.

ભારતીય સંસ્કૃતિને પરિધાન નવયુવક સંઘના કાર્યકર્તાઓ સૌને આવકારતા અને જૈ જૈ શ્રી ગોકુલેશની આપલે કરતા એકબીજાને ખબર અંતર પૂછતાં વાતચીત કરતા નજરે પડતા હતા. આમંત્રિતો અને ખેલૈયાઓ હોંશભેર ચણીયા-ચોળી, આભલા ભરેલ ચુંદડી, કુરતા, કેડિયા, ચોયણી પહેરી આવેલા હતા.

આમંત્રિતો અને ખેલૈયાઓને પ્રવેશવાની સાથે જ સ્વાગત મીઠાઈ આપવામાં આવી હતી. ગ્રુપ પ્રમાણે ખેલૈયાઓ પોતાનો બેચ પ્રવેશદ્વાર પાસે જ લેતા હતા. સંઘના પ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદી અને તેમની કારોબારી સભ્યો અને આજના દાંડિયા રાસના સંયોજક શ્રી વસંતભાઈ દેસાઈ સૌને આવકારતા હતા. શ્રી યમુને મહારાણીની આરતીમાં ઉપસ્થિત થવા સર્વેને નમ્ર વિનંતી કરી હતી. સ્ટેજ પાસે ઉપસ્થિત સર્વેએ હોંશભેર ભાગ લીધો હતો.

આરતીની પૂર્ણાહુતિ બાદ અમીતભાઈ સાથે ડી.જે. સંગીતની સથવારે ગરબા અને દાંડિયા રાસની સુંદર શરૂઆત કરી હતી. સંસ્થાના હોદ્દેદારો, સંયોજક અને આમંત્રિત મહેમાનોએ શરૂઆત કરી પળવારમાં જ વય મુજબ થોડીક જ વારમાં ખેલૈયાઓ સુંદર રીતે નૃત્ય કરતા તરબોળ થઈ ગયા. દાંડિયા રાસના જજ તરીકે શ્રીમતી હિરલબેન જૈન તથા કુમારી હિરલબેન પરમાર એ સુંદર સેવા આપી. બંને જજ વિહાંશ ડાન્સ એકેડેમીમાં છેલ્લા દસ વર્ષથી વિવિધ ડાન્સ શિખવાડવાનો અનુભવ ધરાવે છે. સંઘે આયોજેલા દાંડિયા રાસ એટલે જાણે દિવાળી પહેલા ઉપનગરમાં એકબીજાને મળવાનો મોકો. નીચે અને ઉપરના બંને હોલ ભરાઈ ગયા અને અંદાજીત ૭૫૦ જેટલા બાલાસિનોરવાસીઓએ દાંડિયા રાસનો આનંદ માણ્યો અને જમવામાં ૫૫૨ જણાએ ભાગ લીધો હતો. દાંડિયા રાસના બે રાઉન્ડ લોકો મનભરીને રમ્યા પછી વારો આવ્યો ઈનામનો જે બધાએ નીચે બેસીને સુંદર રીતે માણ્યો.

ત્યારબાદ દાંડિયા રાસનું સંચાલન સંઘના સહમંત્રી શ્રી જીગરભાઈ કડકીઆએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને સહમંત્રીને સ્ટેજ પર આવવા વિનંતી કરી અને સંઘના પ્રમુખની નમ્ર વિનંતીને માન આપીને સમારોહના મુખ્ય મહેમાન શ્રી ગોપાલદાસ બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) ને સ્ટેજ પર આવવા વિનંતી કરી લઈ આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) વતી તેમના દીકરી શ્રીમતી વૈશાલીબેન મોદીનું શ્રીમતી અર્પિતાબેન જીગરભાઈ કડકીયાએ ચૉકલેટ બુકે અર્પણ કરી સ્વાગત કર્યું. સંઘના સહમંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીયાએ આવેલા સર્વેનું સ્વાગત કર્યું તથા આગામી સંઘની વિવિધ પ્રવૃત્તિ વિષે માહિતી આપી. પ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદીએ મુખ્ય મહેમાન શ્રી ગોપાલભાઈનું શાલ અર્પણ કરીને સ્વાગત કર્યું હતુ. સંઘના ઉપપ્રમુખ શ્રી સમીરભાઈ ગાંધીએ શ્રી ગોપાલભાઈનું ચૉકલેટ બુકે

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

અર્પણ કરી અભિવાદન કર્યું હતું. સંયોજક શ્રી વસંતભાઈ દેસાઈએ ડી.જે. સુંદર ગીત પીરસનાર અમીતભાઈનું ચૉકલેટ બુકે અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ગોપાલભાઈ મોદી અને તેમના પરિવારજનો સાથે શ્રી મહેન્દ્રભાઈ મોદી અને શ્રી શશીકાંત મોદીએ આભાર વ્યક્ત કર્યો અને દાંડિયા રાસના સંયોજક શ્રી વસંતભાઈને અને તેમના સાથી કાર્યકર્તાને અભિનંદન આપી પ્રોત્સાહન પુરું પાડયું હતું. દાંડિયા રાસના સંયોજક શ્રી વસંતભાઈ દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા સર્વેનો આભાર માન્યો હતો. બંને જજ શ્રીમતી હિરલબેન જૈન અને કુમારી હિરલબેન પરમારનું સંઘના સહમંત્રી શ્રી અલ્પેશ ધારિયા અને જીગરભાઈ કડકીયાએ ચૉકલેટ બુકેટ આપી બહુમાન કર્યું હતુ.

ત્યારબાદ સંઘના સહમંત્રી શ્રી જીગર કડકીઆએ આભારવિધી રજુ કરી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે, આજના પ્રોગ્રામના અન્ય ખર્ચને પહોંચી વળવા માટે આપણા સાથી મિત્રો એ જે સાથ સહકાર આપ્યો તે સૌનો સંઘ વતી આભાર. તેઓના નામ નીચે મુજબ છે. - શ્રી રાજુભાઈ શાહ, શ્રી અપૂર્વભાઈ પરીખ, શ્રી સન્નીભાઈ ગાંધી, શ્રી દેવાંગભાઈ મોદી, શ્રી નિલેશભાઈ કડકીઆ, શ્રી લલિતભાઈ દેસાઈ, શ્રી પ્રેમલભાઈ ધારિયા, શ્રી જેનીશભાઈ મોદી, શ્રી પ્રમોદભાઈ કડકીઆ, શ્રી રાજેન્દ્રભાઈ મોદી, શ્રી મહેન્દ્રભાઈ મોદી (ઠાસરાવાલા), શ્રી તેજસભાઈ શાહ, શ્રી ઉર્મિલભાઈ કડકીઆ, શ્રી અનીષભાઈ પરીખ, શ્રી જીગરભાઈ કડકિઆ, શ્રી કેતનભાઈ કડકીઆ (ચોકસી), શ્રી બકુલભાઈ શાહ (નગરશેઠ), શ્રી સુનીલભાઈ મોદી (ઠાસરાવાળા), શ્રી અપૂર્વભાઈ ધારીયા, શ્રી કમલેશભાઈ દોશી, શ્રી અજયભાઈ દોશી, શ્રી જયેશભાઈ શાહ (બાદશાહ), શ્રી અશ્વિનભાઈ શાહ, શ્રી કેતનભાઈ મોદી.

દર વર્ષે જુનિયર કે.જી. થી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પારિતોષિક એનાયત થાય છે. શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી અરુણાબેને વિદ્યાર્થીઓને મંચ પરથી શૈક્ષણિક પારિતોષિક આપ્યા હતા.

ઉપરોક્ત યોજનાના ભંડોળમાં વધારો કરવા દર વર્ષની જેમ શ્રી રાજુભાઈ મણીલાલ શાહએ રૂા. ૧૦,૦૦૦/- નું માતબર દાન આપેલ છે. સંઘ તેમનો આભાર માને છે.

સર્વે તે વિદ્યાર્થીઓએ બિરદાવ્યા હતા. ત્યારબાદ દાંડિયા રાસના ઈનામ આપવામાં આવ્યા હતા.

**શૈક્ષણિક પારિતોષિક વિદ્યાર્થીઓના નામ**

**જુનિયર કે.જી. :** (૧) કડકીઆ હરદી નીરજ (૨) પરીખ આર્ય એસ. (૩)કડકીઆ આરાધ્યા પરાગ (૪) મોદી વિયાન ડી.

**સિનિયર કે.જી. :** (૧) પરીખ સમીર નિશિત (૨) શેઠ હર્ષ જીજ્ઞેશ (૩) કડકીઆ દીવિત દેવાંગ (૪) કડકીઆ મંથન સચિત

**ધોરણ – ૧ :** (૧) પરીખ શ્રિયા જીતેન (૨) કડકીઆ અન્વી ભાવેશ (૩) દેસાઈ હેઝલ ચેતન

**ધોરણ – ૨ :** (૧) ધારીયા શૌર્ય અંકુર (૨) પરીખ જેનીશ કેયુર (૩) કડકીઆ રીયા અંકિત

**ધોરણ – ૩ :** (૧) પરીખ હિતીક્ષા અમિત (૨) કડકીયા રેયાંશ દીપેન (૩) શાહ દેવિક તેજસ (૪) ભાવસાર જેનિલ વિજય

**ધોરણ – ૪ :**(૧) પરીખ સહજ ચિરાગકુમાર (૨)


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
Concealed Metal Boxes For Modular Series
CLETA
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

ધારીયા દેવિક સૌમિલ (૩) શાહ રિધમ નીરજ

**ધોરણ - ૫ :**(૧) ગાંધી હેનીશા રક્ષિત (૨) પરીખ વિવાન નિપુર (૩) કડકીઆ દીયા હિતેષ

**ધોરણ - ૬ :**(૧) કડકીઆ વેનિશા ભાવેશ (૨) મોદી કેવીન વિમલ (૩) મિસ્ત્રી હેતવી ભાવેશ

**ધોરણ - ૭ :** (૧) શાહ વિધી સચીન (૨) પરીખ દેવ સમીર (૩) પરીખ જીઅશ જીતેન

**ધોરણ - ૮ :** (૧) પરીખ રિધમ હિતેષ (૨) ગાંધી પ્રિયાંશી તેજસ (૩) મોદી દીશા હિમાંશુ

**ધોરણ - ૯ :** (૧) ઉપાધ્યાય વ્રજ મેહુલ (૨) મોદી પ્રતીતિ દેવાંગ (૩) મોદી નેહા બાલક્રિષ્ના

દાંડિયા રાસના ઈનામો મુખ્ય મહેમાન શ્રી ગોપાલભાઈ મોદી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉર્વશીબેનના હસ્તે આપવામાં આવ્યા હતા. હર્ષોલ્લાસ અને જીજ્ઞાસાપૂર્વક સર્વે પોતાના નામની જાહેર થવાની રાહ જોતા હતા અને એક પછી એક નામની જાહેરાત થતાંજ હોલ ચિચિયારી અને તાળીઓથી ગુંજી ઉઠયો હતો.

**દાંડિયા રાસના વિજેતાના નામ**

**ગ્રુપ બ્લ્યુ કલર - વર્ષ ૫ થી ૧૦**

૧) કુશ મોદી (બેચ નં.૧૭) - ડાન્સ
૨) રિધમ શાહ (બેચ નં.૪૧) - ડાન્સ
૧) શ્રિયા પરીખ (બેચ નં. ૧૩) - ડાન્સ
૨) રાશિ શાહ (બેચ નં. ૩૨) - ડાન્સ
૧) દેવીત કડકીઆ (બેચ નં. ૪૩) - બેસ્ટ ડ્રેસ
૧) હીનાલી પરીખ (બેચ નં. ૩૦) - બેસ્ટ ડ્રેસ

**ગ્રુપ પીંક કલર - વર્ષ ૧૧ થી ૨૦**

૧) હીત પરીખ (બેચ નં. ૪૦૪) - ડાન્સ
૨) રોમીલ પરીખ (બેચ નં. ૪૧૫) - ડાન્સ
૧) પ્રીયાંશી ગાંધી (બેચ નં.૪૧૪) - ડાન્સ
૨) શરીશા કડકીયા (બેચ નં.૪૦૯) - ડાન્સ
૧) ખૂસ્તી ગાંધી (બેચ નં.૪૧૨) - બેસ્ટ ડ્રેસ
૨) યતી ઉપાધ્યાય (બેચ નં. ૪૪૬) - બેસ્ટ ડ્રેસ

**ગ્રુપ ગ્રીન કલર - વર્ષ ૨૧ થી ૩૦**

૧) પરાજીત ગાંધી (બેચ નં. ૩૧૮) - ડાન્સ
૨) ધીર શાહ (બેચ નં. ૩૦૩) - ડાન્સ
૧) કોમલ શાહ (બેચ નં. ૩૨૩) - ડાન્સ
૨) વિભુતી દેસાઈ (બેચ નં. ૩૨૨) - ડાન્સ
૧) રોહન મોદી (બેચ નં. ૩૧૨) - બેસ્ટ ડ્રેસ
૧) અન્વી દેસાઈ (બેચ નં. ૩૧૩) - બેસ્ટ ડ્રેસ

**ગ્રુપ પરપલ કલર - વર્ષ ૩૧ થી ૪૫**

૧) અશેષ પરીખ (બેચ નં. ૨૧૦) - ડાન્સ
૨) કેયુર પરીખ (બેચ નં. ૨૧૬) - ડાન્સ
૧) વર્ષા પરીખ (બેચ નં. ૨૨૨) - ડાન્સ
૨) શીતલ મોદી (બેચ નં. ૨૧૪) - ડાન્સ
૧) નીરજ કડકીઆ (બેચ નં.૨૦૫) - બેસ્ટ ડ્રેસ
૧) ખ્યાતિ કડકીયા (બેચ નં. ૨૦૧) - બેસ્ટ ડ્રેસ

**ગ્રુપ ઓરેન્જ કલર - વર્ષ ૪૬ થી ઉપર**

૧) રાકેશ શાહ (બેચ નં. ૧૩૬) - ડાન્સ
૨) તૃપ્તિ મોદી (બેચ નં. ૧૨૯) - ડાન્સ
૧) રશ્મી પરીખ (બેચ નં. ૧૦૩) - ડાન્સ
૨) નિકેતા મોદી (બેચ નં, ૧૧૪) - ડાન્સ
૧) ભૂપેન્દ્ર કડકીઆ (બેચ નં. ૧૧૧ - બેસ્ટ ડ્રેસ
૧) હંસા પરીખ (બેચ નં. ૧૩૧) - બેસ્ટ ડ્રેસ

દાંડીયા રાસને અંતે સર્વે ભોજન કરી, જે જે શ્રી ગોકુલેશના સ્મરણ સાથે છુટા પડયા હતા.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - વસંત દેસાઈ**

★★★★★

I.S.W.P.
BHS
ISWP

Mr. BHARAT K. DOSHI
98210 27136

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9281, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

# શામળાજી

## દશા નીમા વણિકના કુળદેવતા

ગોર શ્રી ગોપાલ ભટ્ટ

ગુજરાતના ઉત્તર પૂર્વ સીમાડે અરવલ્લી જિલ્લામાં અરવલ્લીની રમણીય ગિરિમાળાઓ વચ્ચે આવેલ રમણીય પુરાતન મંદિરમાં દેવગદાધર શ્રી શામળારાયની વિષ્ણુ સ્વરૂપની ચતુર્ભુજ ભવ્ય મનોહર મૂર્તિ બિરાજમાન છે. જેના દર્શન થતા જ ભગવાન પ્રત્યે અનુરાગ જાગે અને મૂર્તિ આગળથી ખસવાનું મન ન થાય. નમ્રભાવે આનંદવિભોર બનીને પરમાત્માના શ્યામલ સ્વરૂપના સાક્ષાત્કારની અનુભૂતિ થાય છે.

આદિદેવ શ્રી વિષ્ણુનું ગદાધર સ્વરૂપ જેણે ઉત્તરાના ગર્ભમાં પ્રવેશ કરી અભિમન્યુનું રક્ષણ કર્યું. રાજા પરિક્ષીતનું રક્ષણ કરી અનેક અવતારો ધારણ કરી દુષ્ટાત્માનો નાશ કરી સાધુ પુરુષોને સહાય કરી પોતાના શરણે આવનારને નિર્ભય રહેવાનો સંકેત કરતાં હોય તેવી મુદ્રામાં બિરાજે છે.

મીરાં, નરસિંહ મહેતા જેવા ભક્તોએ જેના સહજમાં ભક્તિભાવમાં સાક્ષાત્કાર કરેલ છે. જેના હાથમાં મોટી ગદા ધારણ કરેલ છે. જેથી શ્રી શામળાજી ક્ષેત્રને 'ગદાધરક્ષેત્ર' કહેવાય છે.

શામળાજી દેવગદાધર ક્ષેત્ર અસલમાં રૂદ્રગયા ક્ષેત્ર કહેવાતું જ્યાં બ્રહ્માજીએ યજ્ઞ કરી દેવતા અને ઋષિમુનિઓને સંતુષ્ટ કરેલ હતા. આ ભૂમિને રાજા હરિશ્ચન્દ્રની ભૂમિ પણ કહે છે. રાજા હરિશ્ચન્દ્ર અને તારામતીએ અહીં પુત્રેષ્ટી યજ્ઞ કરી પુત્ર પ્રાપ્ત કર્યો હતો. આ ભૂમિ પર ઔદુમ્બર ઋષિએ તપ કરી ભૂમિને ચેતનવંતી બનાવી હતી. આ ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો ઔદુમ્બર બ્રાહ્મણ તીરેક ઓળખાય છે.

જાણીતા જર્મન પુરાતત્વેના ડૉ. બોઝના માનવા પ્રમાણે અહીંથી મળી આવેલ ઘણી બધી મૂર્તિઓ પાંચમી અને છઠ્ઠી સદીની હોવાનું જણાઈ આવે છે. તેનું સ્થાપત્ય મૌર્ય-ગુપ્ત સમયનું જોવા મળે છે.

ભગવાન શામળારાયનું હાલનું મંદિર પંદરસો વર્ષ જુનું કલાત્મક કોતરણી અને સુંદર શિલ્પ યુક્ત શિખર બંધી શૈવ અને વૈષ્ણવ પરપરાંને અનુસરતું મંદિર છે. મંદિરની બહાર અનેક કલાત્મક મૂર્તિઓ તથા અંદરના ઘુમ્મટમાં સુંદર શિલ્પકૃતિઓ મન હરી લે છે.

ભગવાન શામળિયાની આશરે ૫ ફૂટ ઊંચી ચતુર્ભુજ શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલ મૂર્તિ મનોહર છે. ભગવાનની સામે જ તેમના સેવક ગરુડજીની મૂર્તિ પણ આકર્ષક છે. ઔરંગઝેબે હિન્દુ મંદિરોને ધ્વસ્ત કરવામાં કાંઈ બાકી રાખ્યું નહીં અને એણે આ મંદિર પર આક્રમણ કર્યું ત્યારે એવું કહેવાય છે કે ગરુડજીના નાકમાંથી ભમરા નીકળી તે મોગલ સૈન્યને પાછુ ભગાડયુ હતું.

હાલ ગુજરાત સરકાર યાત્રાધામોના વિકાસ માટે કામ કરી રહ્યું છે. તે અંતર્ગત શામળાજીનો પણ વિકાસ થઈ રહ્યો છે. મંદિર પરિસર વિશાળ બનાવવામાં આવ્યો છે. ચાર દિશામાં વિશાળ ચાર દરવાજા બનાવવામાં આવ્યા છે. મંદિર પરિસર ત્રિલોકીનાથ મંદિર કે જેમાં શ્રી વિષ્ણુ અને પ્રાચીન ત્રિશુલધારી શંકરની ઊભી મૂર્તિ છે. તે ઉપરાંત ગિરધારીજી, લક્ષ્મીજી અને પંચાયતનદેવ 'શંકર પરિવાર'ના અલગ-અલગ મંદિરો આવેલા છે.

શામળાજીમાં અન્ય જોવાલાયક સ્થળોમાં સ્વયંભૂ કાશી વિશ્વનાથ મહાદેવ જેમાં શંકરની ત્રણ મુખવાળી જટાયુક્ત પ્રતિમા જે એલિફન્ટાની ગુફામાં જોવા મળે છે તે આકર્ષક છે. ઉપરાંત સૂર્યમંદિર, કળશી છોકરાની માતાનું મંદિર, હરિશ્ચચંદ્રની ચૉરી જ્યાં હરિશ્ચન્દ્ર અને તારામતીના લગ્ન થયા હતા. આ જગ્યા પુરાતન તત્વ ખાતા દ્વારા આરક્ષિત છે. અહીં પ્રાચીન વાવ પણ છે જે મંદિર પરિસરમાં જ છે. શામળાજીથી ૧ કિ.મી. અંતરે સુંદર શ્યામલ વન બનાવવામાં આવ્યું છે. જ્યાં પ્રવાસીઓ મુલાકાત લે છે.

# D P ZAVERI JEWEL

GOLD & DIAMOND JEWELLERY | UNCUT DIAMOND JEWELLERY



THE JEWEL WORLD
G-15, COTTON EXCHANGE BUILDING, ZAVERI BAZAR – KALBADEVI,
MUMBAI – 400002.
NAKKUL ZAVERII | JHEEL ZAVERI
+91 8655119400
Office No- 022-60605850 | 022-22415850
Email Id- nakkulzaverii@gmail.com

લોકવાયકા પ્રમાણે શામળાજીના કરામ્બુજ તળાવમાંથી ભગવાન શામળિયાની મૂર્તિ જમીન ખેડતાં મળી આવી હતી અને પછી તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ગણપતિ મંદિર તથા વિશ્રામઘાટ મંદિર નવા ઓપ સાથે મેશ્વો નદીના તટ ઉપર પ્રાચીન ભૂમિની ભવ્યતા રજૂ કરે છે. શ્રી રણછોડરાયનું મંદિર તથા માનવ રચિત 'મેશ્વો સરોવર' પ્રકૃતિના ખોળે મનનો ઉદ્વેગ હરી લે છે.

મેશ્વો નદીના ઓવારામાં વિશ્રામઘાટ પાસે 'નાગધરો' આવેલ છે. જ્યાં સ્વર્ગસ્થ માતા-પિતાનું શ્રાદ્ધ કરવાથી તેમના આત્માને મુક્તિ મળે છે. ઉપરાંત અહીં નારાયણબલી પણ કરાવવામાં આવે છે.

શામળાજી ક્ષેત્રમાં પ્રવાસીઓનું ધ્યાન ખેંચે એવાં અન્ય ધર્મ સંકુલો પૈકી પ્રાણનાથજીનું મંદિર, ગાયત્રી શક્તિપીઠ તથા મેશ્વો સરોવરમાં ખોદકામ કરતાં નીકળેલા બૌદ્ધકાલીન પ્રાચીન અવશેષોથી સંગ્રહિત થયેલું મ્યુઝિયમ પણ મહત્ત્વના છે.

નજીકમાં 'દેવની મોરી' સ્થળેથી ભગવાન બુદ્ધના શરીરના અવશેષો મળી આવેલ હોવાથી વિશ્વભરના બૌદ્ધધર્મીઓ અને બૌદ્ધ પ્રેમીઓ માટે આ સ્થળ પરમ શ્રધ્ધાનું સ્થાન બને તે માટે તેનો વિકાસ થનાર છે. ગુજરાત સરકારે જાપાન સરકારના સહયોગથી વિશ્વ બૌદ્ધ સ્થળ તરીકે વિકાસ કરવાનું આયોજન કરેલ છે અને તે સંદર્ભે જાપનના ડેલીગેશને આ સ્થળની મુલાકાત પણ લીધી છે.

શામળાજી નેશનલ હાઈવે ૮ પર આવેલું મહત્ત્વનું યાત્રાધામ છે. શામળાજી અમદાવાદ-ગાંધીનગરથી આશરે ૧૨૫ કિ.મી.ના અંતરે છે. અહીં આવવા માટે બસ, ટ્રાવેલ્સ, પ્રાઈવેટ વ્હીકલસની સગવડ છે. શામળાજીમાં રહેવા-જમવાની વ્યવસ્થા મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. મંદિરની ધર્મશાળા તથા મંદિર રાજભોગ રસોડામાં નજીવા ચાર્જથી આ સગવડ પૂરી પાડવામાં આવે છે.

મંદિર દ્વારા અનેકવિધ ઉત્સવો ઉજવવામાં આવે છે. જેમાં જન્માષ્ટમીનું ખૂબ મહત્ત્વ છે. ગામના યુવાનો દ્વારા ઠેર ઠેર મટકી બાંધી શોભાયાત્રા કાઢી મટકી ફોડવામાં આવે છે. જન્માષ્ટમીનો લ્હાવો લેવો એ જીવનનો આનંદ છે. ઉપરાંત અષાઢ-શ્રાવણમાં હીંડોળા દર્શન પણ મનોરમ્ય હોય છે. ભગવાનને ફળ, ફૂલ, સૂકો મેવો, શાકભાજીના હીંડોળે ઝુલાવાય છે. મંદિર સવારે ૬.૦૦ કલાકે ખુલી રાત્રે ૮.૩૦ વાગે ભગવાન શયન સમયે મંગલ મંદિર થાય છે. વધારે સમય દર્શન ખુલ્લા રહેતા હોઈ અહીં ભાવિક ભક્તો મન ભરીને પ્રભુને નીરખી શકે છે.

અનેકવિધ મેળા ભરાય છે. તેમાં કાર્તિક પૂર્ણિમાનો મેળો અદ્દ્ભૂત હોય છે. આજુબાજુના રાજ્યોમાંથી માનવ મહેરામણ ઉમટે છે. આદુ, રતાળુ, શેરડીની ખરીદી થાય છે. વિદેશી પ્રવાસીઓ સહતિ આશરે ૬ થી ૭ લાખ લોકો આ મેળાની મુલાકાત લે છે. ★★★★


# ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,**
**બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯**

**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

# TUSHAAR DAWDA & ASSOCIATES

TDA

STRUCTURAL AUDITORS | CONSULTING CIVIL ENGINEERS | REPAIRS & REHABILITATION CONSULTANTS

**TUSHAAR Y. DAWDA, CIVIL ENGINEER ( B. TECH ), I.I.T. BOMBAY**

## Registration & Membership

• BMC Licensed Structural Engineer • BMC Licensed Surveyor ( At par with Architect ) • Institution of Engineers – M.I.E., Chartered Civil Engineer • PEATA • American Concrete Institute (India Chapter) • Indian Society of Structural Engineers

## Services

• Structural Auditing ( Inspection above False ceiling **WITHOUT BREAKING;** and External Areas of High Rise Buildings with **SPECIAL EQUIPMENTS** ) • Consultation for Repair Works • NDTs • Waterproofing • Tendering • Estimation • Monitoring • **LEAKAGE DETECTION** (using **GLOBALLY ACCLAIMED** instruments for **WATER** leakages)

**INTERIOR DESIGN AND EXECUTION WORKS UNDERTAKEN**

## Clientele

• Ambuja Cement • Royal Bombay Yacht Club, Gateway of India • Bombay Gymkhana • Mahalaxmi Chambers, near Breach Candy • Marol Church • Anjuman-I-Islam, C.S.M.T. • Holy Cross Church, Prabhadevi • Automotive Manufacturers', dealers of Maruti and Ashok Leyland • Parvati Industrial Premises, near Shah & Nahar, Lower Parel • Dudhwala Builders • Casby Group • Regal Cinema • A.H. Wadia Baug C.H.S.L., 4 Bldg. – 8 Floors and 1 Bldg. – 10 Floors • Odyssey – 1 C.H.S.L. – 27 storey tower at Hiranandani, Powai



Anjuman-I-Islam College, C.S.M.T.



Royal Bombay Yacht Club, Gateway of India



Mahalaxmi Chambers, Near Breach Candy



Odyssey – 1, Hiranandani, Powai

B- 102, Giridwar Apartment, Near P.N.B. A.T.M., Mathuradas Road, Kandivali (W), Mumbai – 400067.

Ph. : +91 98672 52867 / +91 22 28085542.

E-mail : tushaardawda@gmail.com. Website : tushaardawda.com.

# ભગવાનને છળ-કપટ, પ્રપંચ, પાંખડી ગમતા નથી

✍ શૈલેષ દેસાઈ

ભગવાનનો સ્વભાવ ગુણ વાત્સલ્ય છે. હૃદયની સરળતા ભગવાનને ખૂબ ગમે છે. ભગવાન સૌના સહાઈ છે. હિતેચ્છુ, નિસ્પૃહી સખા છે. દંભ, સ્વાર્થ દેખાવ, કપટ, પ્રપંચ, મનમાં ભરીને ભગવાન પાસે જશો તો ભગવાન ક્યાંથી પ્રગટ થાય ? ભગવાન અંતર્યામી છે. આપણા મનમાં શું ભરેલું છે તે બધું જ જાણે છે.

વનવાસ દરમ્યાન રાવણની બહેન સુપર્ણખા સુંદરી બની રામજીની પાસે આવી, શ્રી રામે તેને ઓળખી કાઢી ને આ કપટી, કામી અદેખી એટલે લક્ષ્મજીએ તેના નાક-કાન કાપી લેવાની આજ્ઞા કરી. પાખંડ, કપટ ચલાવી લે તેવા રામજી નથી.

કૃષ્ણ અવતારમાં પૂતના સુંદરીનું રૂપ લઈ શ્રીકૃષ્ણને સ્તનપાન કરાવવાના બહાને કપટ કરીને આવી. શ્રી કૃષ્ણે તો તેના કપટને જાણી લીધું. પૂતનાના પ્રાણ હણાઈ ગયા.

વિવિધ રાક્ષસો પ્રંપચ, કપટ, પાપલીલા આચરવા જુદા જુદા સ્વરૂપે શ્રીકૃષ્ણ પાસે આવ્યા પણ તેનો સંહાર થયો. કહેવાનો અર્થ એટલો કે આપણને પ્રપંચ, પાખંડ, દગા, કપટ ગમતા નથી.

ગમે તેટલા તપ અનુભવ બહારના પ્રવચનો વાણી વિલાસ સાધનો, ઉપવાસ, પાઠપૂજા , રામકથા શ્રવણ કરતા હોઈશું પણ તેની પાછળ આપણી સ્વાર્થી વૃત્તિઓને પોષવાનું જો કપટ કરો તો ભગવાન દૂર રહેશે.

ભગવાનને માર્ગ જવું હોય તો ભગવાન રાજી રહે તેવું સદ્‌વિચાર ભર્યું આચરણ જોઈએ જ. સદ્‌ભાવના પણ જરૂર છે. દૂર્યોધન જેવી દૃષ્ટિ બુદ્ધિ વાપરીશું તો ઈશ્વર દૂર જ રહેવાનો છે. વિદુર, અકુર, સુદામા, પ્રહલાદ, ધ્રુવ અને અનેક પવિત્ર સમર્પિત સરળ ભક્તો જેવા બનીશું તો જ ઈશ્વરની કૃપા આપણી ઉપર અનરાધાર વરસશે. આપણે પહેલા તો સાચા માણસ બનવાનું છે. માનવતા ધર્મનું પાલન કરવાનું છે. તે પછી ભગવાનની સાચી ભક્તિ કરવાની છે.

ગમે તેટલા તપ, અનુભવ વગરના પ્રવચનો, વાણી વિલાસ, સાધનાઓ, ઉપવાસ, પાઠ-પૂજા, કથા-શ્રવણ કરતાં હોઈશું પણ તેની પાછળ આપણી સ્વાર્થી હલકી પ્રવૃત્તિઓને પોષી જો કપટ કરો તો ભગવાન આપણાથી દૂર રહેવાનાં. ★★★★★

## દિવાળી બક્ષિસ

સહર્ષ જણાવવાનું કે એક અનામી દાતા તરફથી અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૨૦૦/-** આપવામાં આવ્યા હતા.

તેવી જ રીતે બીજા એક અનામી દાતા તરફથી પણ **રૂા. ૨૦૦/-** કુટુંબદીઠ આપવામાં આવ્યા હતા.

આમ આ વર્ષે અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૨૧૫૦/-** આપવામાં આવ્યા હતા.

સર્વ દાતાઓનો આભાર.

**શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી**



NIRAV Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# V.B.R. ELECT. & ENGG. CO.

AUTHORISED DISTRIBUTORS OF KEW L&T (Tripper, Modular Switches), LSis.




Nilesh Kadakia 27/33, PATHAK WADI, ISMAIL BLDG, LOHAR CHAWL, MUMBAI – 2. Shivam Kadakia

9930125548 Tel: 2208 7739, 2206 2026. *724 7977473064

E-mail ID: v.b.r@mtnl.net.in / shivamkadakia71@gmail.com

ગાંધીજી

# ગાંધીજીના આદર્શ વિચાર

૧૫૦મી વર્ષગાંઠ

ગાંધીજીનું આખું જીવન યજ્ઞરૂપ હતું. તેઓ વિરલ તપસ્વી હતા, વિરલ સંત હતા. બાણપણથી જ તેઓ સત્યના ઉપાસક હતા. 'ઈશ્વર સત્ય છે' એ પ્રચલિત સૂત્રને બદલે તેમણે કહ્યું, 'સત્ય એ જ ઈશ્વર છે.' સત્યનાં દર્શન અહિંસા વગર થઈ શકે નહિં, તેથી અહિંસા એમનો ધર્મ બન્યો. તેઓ કહે છેઃ 'અહિંસા મારો ધર્મ છે, અહિંસા મારો ઈશ્વર છે. સત્ય મારો ધર્મ છે, સત્ય મારો ઈશ્વર છે. હું સત્યને શોધું છું ત્યારે અહિંસા કહે છે કે મારી મારફત શોધો, હું અહિંસાને શોધું છું ત્યારે સત્ય કહે છે મારી મારફત શોધો.'

છેક સન ૧૯૨૫માં ગાંધીજીએ સમાજની અધોગતિના સાત કારણો જણાવ્યાં હતાં. તેમણે એને 'સાત પાપ' કહ્યાં છે. તે સાત પાપ આ પ્રમાણે છે. (૧) પરિશ્રમ વિનાની ધનપ્રાપ્તિ (૨) વિવેક વિનાનો સુખોપભોગ (૩) સદાચાર વિનાનો વેપાર-ધંધો (૪) સંવેદન વિનાનું વિજ્ઞાન (૫) શિલ વિનાનું શિક્ષણ (૬) વૈરાગ્ય વિનાની ઉપાસના અને (૭) સિધ્ધાંત વિનાનું રાજકારણ. આજના સમયમાં પણ આ વાત એટલી જ સાચી છે.

પ્રાર્થના વિશે ગાંધીજીને અપાર શ્રધ્ધા હતી. તેઓ કહેતા કે શરીરમાં જેમ અન્ન અનિવાર્ય છે તેમ આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે. પ્રાર્થનાના જાદુનો જેને એક વાર અનુભવ થયો છે તેને દિવસો સુધી ખોરાક વગર ચાલશે, પણ પ્રાર્થના વગર એક ક્ષણ નહીં ચાલે. કોઈ પ્રાર્થના ચૂકે એ એમને અસહ્ય લાગતું. એકવાર એક બહેને કહ્યું,'બાપુ, હું પ્રાર્થના કરતી હતી, હવે છોડી દીધી છે.' ગાંધીજીએ પૂછયું કે કેમ છોડી દીધી ? બહેને કહ્યું, 'કારણ કે હું મારાં અંતરને છેતરતી હતી.'

અંતરને નહીં છેતરવાની વાત ગાંધીજીને ગમી. તેમણે કહ્યું,'બરાબર, પણ તો અંતરને છેતરવાનું છોડ ને, પ્રાર્થના શા સારું છોડી?' ગાંધીજી સમુહ પ્રાર્થનાને ઘણું મહત્ત્વ આપતા હતાં. રેટીંયો ચલાવવો ને સૂતર કાંતવું એને પણ તેમણે પ્રાર્થના જેટલું જ જીવનનું આવશ્યક અંગ ગણ્યું હતું. તેથી સને ૧૯૩૦માં બ્રિટીશ સરકારના મહેમાન બની તેઓ વિલાયત ગયા ત્યારે કામમાં મધરાત થઈ જતી તોયે સૂતા પહેલાં તેઓ આ કાંતણ યજ્ઞ કરતાં જ.

'તમે ને હું અહીં બેઠા છીએ એ વાતની મને જેટલી ખાતરી છે એના કરતાં વધારે ખાતરી મને ઈશ્વરના અસ્તિવ વિશે છે. હું કદાચ હવા પાણી વિના જીવી શકું, પણ ઈશ્વર વિના ન જીવી શકું, તમે મારી ઈશ્વર વિશેની આસ્થા ઉડાવી દો તો મારા બાર વાગી જવાના!' ગાંધીજીના આ શબ્દો સૌએ અંતરમાં કોતરી રાખવા જેવા છે.

પોતાને સનાતની હિંદુ કહેવડાવામાં ગાંધીજી જરાયે શરમાતા નહીં. તેઓ કહેતા કે 'હિંદુ ધર્મ તો મહાસાગર છે. તેમાં નાસ્તિકને પણ સ્થાન છે. ઈશ્વરનાં અનેક નામ છે તે બધા નિરાકાર શુધ્ધ ચૈતન્યનાં જ નામ છે.'

ગાંધીજી અનાસક્તિને ખૂબ મહત્વ આપતા તેમણે ગીતાનું નામ જ 'અનાસક્તિયોગ' પાડયું હતું. તેઓ કર્મ અને પુનર્જન્મને માનતા હતા. તેમણે કહ્યું છેઃ 'મારી સમજ પ્રમાણે પુનર્જન્મ વિના જગત ન્યાયપુરઃસર ચાલે છે. એ સિધ્ધ કરવું લગભગ અસંભવ થઈ પડશે. પછી કાળચક્રની અંદર એક બિંદુ માત્ર પોતાનું આયુષ્ય રહેલું છે તેમાં જીવ એક જ જન્મમાં જગતનો અનુભવ મેળવી ન શકે. હું તો પુનર્જન્મનો પ્રત્યક્ષ પુરાવો પ્રતિક્ષણ અનુભવું છું એમ કહું તો પણ ચાલે.'

ગાંધીજીની ગૌભક્તિ પણ અજોડ હતી. ગાય ને તેઓ કરુણાનું કાવ્ય કહે છે. તેઓ કહે છે,'ગાય એ મારે સારુ કરુણાનું કાવ્ય છે. હું તેને પુજું છું અને આખી દુનિયાના સામે થઈને પણ તેની પૂજાનો બચાવ કરતોરહીશ ❖❖❖


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

Selected Business Superbrand India 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**

AN IS/ISO 9001 COMPANY

*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**

**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**

**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**

**● Web.: www.pushtiindia.com**

# સમસ્યાઓથી ભાગશો તો સુખ ક્યાંથી મળશે

✍ શૈલેષ દેસાઈ

માણસના જીવનમાં આનંદ અને દુઃખ બંનેથી ભરેલું છે. નાની મોટી સમસ્યાઓ આવ્યા જ કરે છે. એક સમસ્યાનું સમાધાન થાય ત્યાં બીજી સમસ્યા આવી પડે છે. તેને મનમાં થાય છે કે મેં શું ગુનો કર્યો છે. ભગવાન રામને પણ અયોધ્યાની ગાદીને બદલે પિતાનું વચન નિભાવવા ચૌદ વરસ વનવાસે જવુ પડયું. ભગવાન રામ અને સીતાને અનેક સમસ્યાઓ આવેલી.

સમસ્યાઓથી દૂર ભાગવા દરેક મનુષ્ય કોશીશ કરે છે. સમસ્યાઓથી ભાગવા જઈએ તો તેનાં ભોગ બની જઈએ છીએ. તેના કરતા સમસ્યાઓનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ. તેમાંથી આપણને શીખ મળે છે. રામ અને સીતાને અનેક સમ્યાઓનો સામનો કરવો પડયો હતો. નાની નાની વાતોને ગંભીર સમસ્યાનું રૂપ ન આપો.

સંસારમાં કોઈ એવી સમસ્યા નથી જેનો ઉકેલ ન હોય. ચડતી ને પડતી, દિવસ ને રાત, સુખ અને દુઃખ જીવનમાં ચાલ્યા જ કરે છે. ભગવાન રામને પણ અયોધ્યાની ગાદીને બદલે વચન નિભાવવા ચૌદ વરસ વનમાં જવું પડયું હતું. વિદ્યાર્થી જીવનમાં એકાદ વિષયમાં ઓછા માર્ક્સ આવે તો નિરાશ થઈ જવાની જરૂર નથી. ફરી મહેનત કરવાથી જરૂર પાસ થઈ શકીએ છીએ. સારી લાઈન મેળવવા હોશીંયારી ને મહેનતની જરૂર હોય છે. પ્રેમમાં નિષ્ફળતા, ગૃહકંકાસ, મતભેદ અને છેવટે છૂટાછેડા સુધી વાત પહોંચી જાય છે તેનો ગભરાયા વગર સામનો કરવો.

ઘડપણમાં શારીરિક અને માનસિક સમસ્યાઓમાંથી મન અને શરીર ઘેરાઈ જાય છે. દા.ત. મોતિયો, નબળાઈ, પ્રોસ્ટેટ વગેરે. અચાનક કોઈ અપ્રિય ઘટના બને કે અકસ્માત થાય તો ગભરાઈ જવાની જરૂર નથી. એકી સાથે પ્રશ્નોના ઉત્તર વિચારશો તો મુંઝાઈ જશો. બે ત્રણ સમસ્યાઓ એક સાથે આવે તો એક પછી એક તેનો હલ શોધતા જવો એકી સાથે શોધવાથી મન મુંઝાઈ જશે. દરેક પાસે તેનો ઉપાય શોધવા બધાને વાત કરવાની જરૂર નથી. ફક્ત અંગત કે ઘરનાને આવી વાત કહેવી બહેતર છે.

✯✯✯✯✯

**શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટ આયોજીત**

**'બોરીવલી ક્રિકેટ લીગ' યોજે છે**

**ક્રિકેટ ટુર્નામેન્ટ**

તારીખ : ૧૪-૧૨-૨૦૧૯ શનિવાર અને
તારીખ : ૧૫-૧૨-૨૦૧૯ રવિવાર
સ્થળ : એમ.સી.એફ.જોગર્સ પાર્ક ક્રિકેટ ગાર્ડન, દેવદાસ લેન, બોરીવલી (વે.), મુંબઈ-૯૨

આપ સૌને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**વધુ માહિતી માટે કોન્ટેક્ટ કરવો**

**કન્વિનર : અનીશ પરીખ – ૯૩૨૧૦૭૮૮૮૯**
**મંત્રી : હેમેન્દ્ર શાહ – ૯૮૨૦૦૧૧૫૮૬**

**શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટ આયોજીત**

**બોરીવલી થી વિરાર સુધી વસતા નાગરિકો માટે જમણવાર તથા મેડિકલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.**

**-: તારીખ :-**

**૫-૧-૨૦૨૦, રવિવાર સાંજે ૫.૦૦ કલાકે**

**-: સ્થળ :-**

**ગુરુદ્વારા, સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ)**

**નોંધ :** આ સાથે મેડિકલ સેમીનાર તથા બીજા પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેની વિગત પછી જણાવવામાં આવશે.

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# બંધનની કેમિસ્ટ્રી

✍ સંકલન - પ્રશાંત પરીખ

(ગતાંકથી ચાલુ)

## નિર્માતા તમે જ છો

એક જૈન સાધુ હતા. તેમના અનેક શિષ્યો હતા એ પૈકી એક શિષ્ય તેમને બહુ પ્રિય હતો. એના પ્રત્યે તેમને ખૂબ રાગ થતો. આ લાગણીને આધ્યાત્મિક પ્રેમ માની-મનાવી તેઓ પોષતા, નિરંતર એને સાથે રાખતા. બીજા શિષ્યોને આ ન ગમ્યું. તેમને ઈર્ષ્યા થવા લાગી. ઈર્ષ્યાને સંન્યાસ સાથે હવે ક્યાં કોઈ સંબંધ રહ્યો જ છે ? સંજોગો એવા ઊભા થયા કે તે પ્રિય શિષ્યને ચોમાસા માટે બીજા ગામે મોકલવા પડયા. ગુરુ આ ગામમાં. વચમાં નદી. શિષ્ય બીજા ગામમાં - નદીને પેલે પાર. દરરોજ સવારે ગુરુ અને શિષ્ય બન્ને નદીના કિનારે આવે. એકબીજાને જોઈ તૃપ્તિ પામે. આ પ્રવૃત્તિને તેઓ આધ્યાત્મિક પ્રેમ કહેતા. અને જો સંસારીજન આવું કરે તો તે બની જાય શારીરિક પ્રેમ ! પ્રેમનું માત્ર નામ બદલવામાં આવે છે. ભીતર તો એનું એ જ ! પણ નામ બદલવાથી શું થાય ? બંધનનું કારણ ભીતર હોય પછી નામ બદલો તો પણ બંધન તો નીપજે જ.

એક અન્ય પરંપરાના સાધુની વાત કરું. ઘર છોડયું. મહાત્મા બન્યા. ૩૦ વર્ષ વીત્યાં. એકવાર સત્સંગ કરી રહ્યા હતા. વચમાં સમાચાર આવ્યા કે પત્નીએ દેહત્યાગ કર્યો છે. સમાચાર સાંભળી તેમણે શિષ્યોને કહ્યું, ‘ચાલો, ઝંઝટ મટી ! શિષ્યો તો આ સાંભળીને રાજી રાજી થઈ ગયા. મૃત્યુના સમાચાર મળ્યા છતાં રાગનો એક શબ્દ નહીં ! અહો, કેવો વૈરાગ્ય-ઝંઝટ મટી ! પણ જરા વિચારો. પત્નીને છોડયાને ૩૦ વર્ષ થયાં છતાં હજી તે ઝંઝટ લાગે છે. ઝંઝટ હજી બાકી હતી, જે તેના મરવાથી મટી. હજી ભીતર તે હતી, જે હવે મટી !

પત્ની છોડી. હજારો માઈલ દૂર ચાલી આવ્યા અને ૩૦ વર્ષ પણ વીતી ગયાં છતાં ‘મારી પત્ની - ઝંઝટ કરનારી’ એ વાત ભીતર રહી ગઈ. મારાપણાનો ભાવ દૂર હોવા છતાં રહ્યો. અને આ મમભાવ જ સંસારનો નિર્માતા છે. આપણે Creator છીએ - એક સંસાર બનાવીએ છીએ. એક સંસાર પરમાત્મા બનાવે - સત્યનો સંસાર કે જ્યાં Facts (તથ્ય) છે અને એક સંસાર આપણે બનાવીએ છીએ - સ્વપ્નનો સંસાર કે જ્યાં Fictions (કલ્પના) છે.

## બીજા પર થાપીએ છીએ

કોણ બાંધે છે, કોણ બંધન નિર્માણ કરે છે - આ સમજવું અગત્યનું છે. એ જો સમજાઈ જાય તો ભીતરની યાત્રા સુગમ બને. ન સમજાય તો ભીતરની યાત્રા કઠિન બને. જો હજી તમે એમ જ માનો છો કે બહાર કોઈ પકડી રાખે છે તો ભીતર કઈ રીતે જવાશે ? મારી પાસે લોકો આવે છે અને કહે છે કે અમને તો બહુ ઈચ્છા છે સાધનાભઠ્ઠીમાં જોડાવાની, પણ શું કરીએ ? દુકાન બાંધે છે. જવાબદારીઓના કારણે આવી શકાતું નથી ! અને હું બહુ વિચારમાં પડી જાઉ છું. - કોઈ બાંધે છે આપણને ? કેમ આપણે બંધાઈએ છીએ ? આપણે જાતે જ બંધન નિર્મિત કર્યું છે, આટલા સરળ સત્યનો સ્વીકાર કેમ કરાતો નથી ? કેમ બીજા પર થાપીએ છીએ ?

ધાર્મિક પુસ્તકોમાં એમ લખ્યું હોય છે કે ‘સ્ત્રી નરકનું દ્વાર છે.’ તેનું કારણ એટલું જ કે એ પુસ્તકો પુરુષોએ લખ્યાં છે. જો એ સ્ત્રીઓએ લખ્યાં હોત તો એમાં ‘પુરુષો નરકનું દ્વાર છે.’ એમ લખ્યું હોત ! ન સ્ત્રી નરકનું દ્વાર છે, ન પુરુષ. આપણું અજ્ઞાન, આપણી વિષમ દૃષ્ટિ, આપણા વિકારો.... એ છે નરકનું દ્વાર.

તમે મને ગાળો આપો છો અને હું ક્રોધથી ભરાઈ


ESAFAR HOLIDAYS
DUBAI DHAMAKA
Dubai & Abu Dhabi: 5 Nights / 6 Days
5 Nights at Dubai – Admiral Plaza / Dolphine Hotel or Similar
₹53,000/-*
+
Airfare Per Pax
Trip Cost Includes:
• 05 Nights accommodation as mentioned above
• Daily breakfast Lunch and Dinner (Lunch and Dinner in Veg. Indian restaurant)
• Meet & Greet at Airport
• Welcome dates upon arrival
• Burj Khalifa 124th floor entry
• Dubai city tour with one way monorail
• Desert safari with BBQ Dinner
• 01Hr Yacht ride
• Abu Dhabi city tour with Grand Mosque entry
• Dubai Frame
• Bollywood & Motion gate
• 01Hr Limo ride
• Miracle Garden
• Global village
• Tourism Dirham (TD)
• UAE Visa + OTB
• 01 Ltr mineral water will be served per day
• All tours and transfers on AC PVT coach
*Rates are subject to availability of seats
ESAFAR HOLIDAYS
For more detail contact:
ESAFAR HOLIDAYS
Sales Office: 21A Ranchod Bhavan, Opp. Tewari Sweets, Opera House, Mumbai 400 004.
Regd. Office: 7/46 Kalyan Building, Khadilkar Road, Kandawadi, Girgaum, Mumbai 400 004.
Mobile: +91 89287 60516 / +91 98195 47789
Email: travelwithesafar@gmail.com
Website: www.esafarholidays.com

જાઉં છું. મને એ વાતનો ખ્યાલ જ નહીં આવે કે ક્રોધ તો મારામાં હતો જ. તમારી ગાળો તો માત્ર તેને પ્રગટ કરવામાં નિમિત્ત બની છે. ક્રોધ હતો તે જાગ્યો. ન હોત તો જાગતે જ નહીં. ગાળો વ્યર્થ થઈ જાત. પરંતુ કહીશ અને માનીશ એમ જ કે તમે મને ક્રોધિત કર્યો, તમે મને ક્રોધ કરાવી રહ્યા છો ! હું શું કરું ?

ક્રોધિત વ્યક્તિ તો ક્રોધનો અવસર ન મળે તો પણ ક્રોધ કરે જ છે. બીજું કોઈ ન મળે તો છેલ્લે ઈન્ડિપેનને જોરથી ફેંકે અને ક્રોધ પ્રગટ કરે. બિચારી પેન ! તેણે તો કોઈ ગાળ દીધી પણ નથી ! ક્રોધી માણસ દરવાજો એવા જોરથી ધક્કો મારીને બંધ કરે, જાણે પોતે કોઈની હત્યા કરી રહ્યો હોય ! કપડાં એ રીતે ફેંકે જાણે 'થ્રો બોલ' રમી રહ્યો હોય ! બૂટ એ રીતે ઉતારે જાણે કોઈને લાત મારી રહ્યો હોય ! જાણે બધા એના પરમ શત્રુ હોય.

✣ ✣ ✣ ✣ ✣


જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**

**પ્રાર્થના સભા માટે**



**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**

**Website : www.rhythmicgroups/.com**

G/3, Raman Smruti, 138, V.P.Road,
Sicka Nagar, Mumbai - 400 004

Resi : 022-23811333 / 66372275

Dent Villa

*The Complete Family Dental Care*

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્ક્વેઅર બિલ્ડીંગ, ફિદાઈ ઍકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

## હિંડોળા ખાટ

### ભારતના મોટા શહેર અને તેના હુલામણા નામ યોગ્ય જોડી જોડો

| | | | |
|---|---|---|---|
| ૧. | જમશેદપુર | ક) | સિલિકોન વેલી ઓફ ઈન્ડિયા |
| ૨. | નાલંદા | ખ) | નવાબોનું શહેર |
| ૩. | બેંગલોર | ગ) | પચરંગી નગરી |
| ૪. | સુરત | ઘ) | પિંક સીટી |
| ૫. | કુર્ગ | ચ) | સ્ટીલ સીટી |
| ૬. | લખનૌ | છ) | કોલ કૅપિટલ |
| ૭. | ધનબાદ | જ) | ડાયમંડ સીટી |
| ૮. | મુઝફ્ફરનગર | ઝ) | સ્કોટલેંડ ઓફ ઈન્ડીયા |
| ૯. | જયપુર | ટ) | લીચીનું શહેર |
| ૧૦. | મુંબઈ | ઠ) | જ્ઞાન નગરી |

જવાબ : ૧-ચ, ૨-ઠ, ૩-ક, ૪-જ, ૫-ઝ, ૬-ખ, ૭-છ, ૮-ટ, ૯-ઘ, ૧૦-ગ

## મારી સોસાયટી

આવનારી શિયાળાની ઋતુનો ભરપૂર લાભ ઉઠાવવા તેમજ કાયમી સગવડતાખાતર આપણે જ્યાં રહીએ છીએ તે સોસાયટીમાં આપણે એક સુંદર કાર્ય કરી શકાય. સોસાયટીના ગાર્ડનમાં અથવા અનૂકુળ જગ્યાએ જીમમાં તેમજ પબ્લિક ગાર્ડનમાં હોય છે તેવા ચાર-પાંચ એક્સરસાઈઝ કરવાના સાધનો ગોઠવવા માટે સોસાયટીની કમિટીના હોદ્દેદારો તેમજ સભ્યોને વિનંતી કરી શકાય. વય, સમય, સંજોગોને ધ્યાનમાં લઈને કોઈ એક જ કુટુંબના દરેકે દરેક સભ્યો પોતાના શરીરની શારિરીક સુસજ્જતા માટે કલબ કે ગાર્ડનમાં જઈ શકતા નથી. જો ઘર આંગણે આવી સગવડ થઈ શકે તો સોસાયટીના દરેક કુટુંબના લોકો આનો બહોળો લાભ લઈ શકે. આ કાર્ય એટલે આંગળી ચીંધ્યાનું પુણ્ય પ્રાપ્ત કરવા જેવું !


# S.R. Mody

## Shree Light Corporation

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**

Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches, Eveready Cell /Torch / Appliances & Duracell.**

# METACOLOR

[GALVANISED COLOUR COATED SHEETS]

Mfg by : **ESSAR STEEL INDIA LTD. - PUNE.**

**APPLICATIONS**

ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS

## BISON PANEL

[CEMENT BONDED WOOD PARTICLE BOARD]

**APPLICATIONS**

PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS












**Authorised Dealers / Distributors**


## Ralson International

Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-66937019 / 65005943 • Telefax: 66937020
Rahul Dharia - 98200 58457 • Rohan Dharia: 98200 58467 • Email: ralson@bom5.vsnl.net.in

# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર



# શ્રી ફગવા ઉત્સવ



**શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ**

**ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ.**

**આવતા વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન**

**તા. ૪–૩–૨૦૨૦ના બુધવારના દિવસે ઉજવવામાં આવશે.**

ચાર થી પાંચ દિવસ આ ઉત્સવ ઉજવાશે

વધુ વિગત આવતા અંકમાં

## ઉત્સવના મનોરથી

**સ્વ. મણીબેન મણીલાલ શાહનો સહપરિવાર**

પ્રવીણચંદ્ર મણીલાલ શાહ

રાજુભાઈ મણીલાલ શાહ

વિજય મણીલાલ શાહ (કનુભાઈ)

સ્વ. શોભનાબેન પ્રવીણચંદ્ર શાહ

**ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**C/o. બાલાસિનોર પ્રગતિ સમાજ, ૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ-૪૦૦૦૨**

## -: આવ્યો રે મહા ઓચ્છવ :-

વાડાસિનોરના સમસ્ત દશાનિમા વૈષ્ણવો, જય જય શ્રી ગોકુલેશ

પ્રતિ વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ ઉપરોક્ત ગોકુલેશ સમાજ આયોજીત તથા શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત પરમ પાવનકારી પર્વ શ્રી મહાઓચ્છવ ઉત્સવ મુંબઈમાં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવશે. માગસર સુદ ૭ ને મંગળવાર તા. ૦૩-૧૨-૨૦૧૯ ના શુભ દિને આ ઉત્સવનું આયોજન હાથ ધરાયેલ છે.

## -: ઉત્સવના મનોરથી :-

આ ઉત્સવના મનોરથી બનાવવાનું સૌભાગ્ય શ્રીમતી કોકિલાબેન સુંદરલાલ કડકીઆ (ખીસાદાર) હસ્તે શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીઆ, શ્રીમતી પિંકી ભૂપેન્દ્ર કડકીઆ, શ્રી પ્રતિક ભૂપેન્દ્ર કડકીઆને પ્રાપ્ત થયેલ છે.

## -: કાર્યક્રમ :-

મનોરથીનાં નિવાસ સ્થાન ૮/૧૪, કલ્યાણ બિલ્ડીંગ, ખાડીલકર રોડ, ગીરગાંવ, મુંબઈ-૪ મુકામે બપોરે ૩.૦૦ કલાકે સમાજ બેસશે અને પ્રભુના પ્રાકટયની વધાઈ, ધોળ, કિર્તન થશે. તેમજ સાંજે ૬.૩૦ કલાકે મનોરથીનાં નિવાસસ્થાનેથી કળશનો વરઘોડો નીકળી લાડવાડી, સી.પી. ટેન્ક જશે. સાંજે ૭.૦૦ કલાકે ઉત્સવના પુરસ્કૃત દાતાનું તેમજ પ્રસંગના મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સન્માન સમાજ તરફથી કરવામાં આવશે.

## -: ભાવભીનું આમંત્રણ :-

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે વાડાસિનોરનાં મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વ દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ લાડવાડીમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**તા.ક. ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહી પ્રસંગોને દીપાવવા વિનંતી છે.**

લિ.

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**

**શ્રી મંજુલ શૈલષકુમાર ધારિયા (હેડમાસ્તર) - ઉપ પ્રમુખ**

**જસ્મિન બિપીન શેઠ, શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ તથા શ્રી બિપીન કિર્તનલાલ દોશી - માનદ્ મંત્રીઓ**

**સમસ્ત કારોબારી સમિતીના સભ્યો તથા**

**પ્રસંગના મનોરથી તેમજ પુરસ્કૃત દાતા ના.......... જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**C/o. બાલાસિનોર પ્રગતિ સમાજ, ૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ-૪૦૦૦૨**

બાલાસિનોર પ્રેમી વૈષ્ણવો, સર્વેને જય જય શ્રી ગોકુલેશ, નુતન વર્ષાભિનંદન અને સાલમુબારક

પ્રતિવર્ષ આપણો ઉપરોક્ત સમાજ બધા જ ઉત્સવો ઉમંગભેર ઉજવે છે. ચાલુ વર્ષમાં સમાજના નેજા હેઠળ ઉજવવામાં આવનારા બધા ઉત્સવોની યાદી તેમજ તે માટેના સેવાભાવી મનોરથી તેમજ પુરસ્કૃત દાતાઓની નામાવલી નીચે જણાવેલ મુજબ છે. સર્વે દાતાઓને અભિનંદન.

| ઉત્સવનું નામ | તિથી/તારીખ | દાતાનું નામ | સ્થળ-વિગેરે |
|---|---|---|---|
| શ્રી કનૈયા પ્રભુ પ્રાકટ્ય ઉત્સવ | કારતક વદ ૧૧ તા. ૨૨-૧૧-૨૦૧૯ શુક્રવાર | શ્રી વલ્લભદાસ સો. મોદી મનોરથી હસ્તે શ્રી યતિન વલ્લભદાસ મોદી | નવા મંદિરમાં સાંજે ૬.૩૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |
| ધન ધન છઠ્ઠની રાત | માગસર સુદ ૬ તા. ૦૨-૧૨-૨૦૧૯ સોમવાર | શ્રીમતી પ્રેમીલાબેન રમેશચંદ્ર મોહનલાલ દેસાઇ (મેનપુરાવાળા) મનોરથી | નવા મંદિરમાં સાંજે ૬.૩૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |
| શ્રી મહાઓચ્છવ | માગસર સુદ ૭ તા. ૦૩-૧૨-૨૦૧૯ મંગળવાર | શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત દાતા | વાડીમાં સમ્માન |
| શ્રી મહાઓચ્છવ | માગસર સુદ ૭ તા. ૦૩-૧૨-૨૦૧૯ મંગળવાર | શ્રીમતી કોકીલાબેન સુંદરલાલ કડકીઆ (ખીસાદાર) મનોરથી | નિવાસ સ્થાને બપોરે ૩.૦૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |
| શ્રી ગુંસાઇજી પ્રાકટય ઉત્સવ | માગસર વદ ૯ તા. ૨૦-૧૨-૨૦૧૯ શુક્રવાર | શ્રી બંસીલાલ તથા શ્રી શશીકાંત મણીલાલ ગાંધી મનોરથી | નવા મંદિરમાં સાંજે ૬.૩૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |
| શ્રી ફગવા ઉત્સવ | તા. ૨૧-૦૨-૨૦૨૦ શુક્રવાર | શ્રીમતી સુમનબેન તથા શ્રીમતી કુંજબાળા શાહ (ચકવા) પુરસ્કૃત | વાડીમાં સમ્માન |
| શ્રી ફગવા ઉત્સવ | તા. ૨૧-૦૨-૨૦૨૦ શુક્રવાર | શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા) મનોરથી | નિવાસ સ્થાને બપોરે ૩.૦૦ કલાકે સમાજ બેસશે |
| શ્રી મહાપ્રભુજી પ્રાકટય ઉત્સવ | તા. ૧૮-૦૪-૨૦૨૦ શનિવાર | હિયા દિપેન વિરેન્દ્ર કડકીઆ તથા હિતાંશ ચિરાગ વિરેન્દ્ર કડકીઆ (લટકારી)પરિવાર મનોરથી | નિવાસ સ્થાને રાત્રે ૯.૦૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |
| શ્રી વિવાહ ઓચ્છવ | જેઠ વદ ૨ તા. ૦૭-૦૬-૨૦૨૦ રવિવાર | સૌ. સૂર્યાબેન બાબુલાલ કડકીઆ (મરઘા) મનોરથી | નવા મંદિરમાં સાંજે ૬.૩૦ કલાકે સમાજ બેસશે, સમ્માન |

**તા.ક. ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહી પ્રસંગોને દીપાવવા વિનંતી છે.**

**લિ.**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**

**શ્રી મંજુલ શૈલષકુમાર ધારિયા (હેડમાસ્તર) - ઉપ પ્રમુખ**

**જસ્મિન બિપીન શેઠ, શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ તથા શ્રી બિપીન કિર્તનલાલ દોશી - માનદ્ મંત્રીઓ**

**સમસ્ત કારોબારી સમિતીના સભ્યો તથા**

**પ્રસંગના મનોરથી તેમજ પુરસ્કૃત દાતા ના.......... જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગ જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૧૯-૨૦૨૦) ના શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ નીચે જણાવેલ સ્થળેથી અરજી પત્રક મેળવી લેવા અને સંપૂર્ણ વિગતો સાથે ભરીને તેજ સ્થળે આપી જવા.

**અરજીપત્રક સંપૂર્ણ વિગતો ભરીને પાછા આપવાનું સ્થળ :**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાલા)**
બાલાસિનોર ગ્રાહક સરકારી મંડળી લી. - ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવારથી શનિવાર બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમ્યાન

૨. **શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૭ બાબુગેનુ રોડ, મુંબઈ-૨
**સમય :** સોમવારથી શનિવાર બપોરે ૪ થી ૬ કલાક દરમ્યાન

**મંજૂર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :**

૧. **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ** : શ્રીમતી આર્કેડ, ૨૩માં માળે, એ.કે. માર્ગ, નાનાચોક, મુંબઈ-૩૬
**સમય :** સોમવારથી શનિવાર બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બીપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦** **શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

---

## પ્રકીર્ણ વિભાગ

✤ **શ્રી ભદ્રેશ લાલચંદ મોદી (મોટાબાલી)**
૦૦૨, ભાગ્યયોગ કો.હા.સો.લી.
કસ્તુર પાર્ક, શિંપોલી રોડ,
આઈસીઆઈસીઆઈ બેંકની ઉપર,
વેજ ટ્રીટ ૧ હોટલની બાજુમાં,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
મો. : ૯૩૨૨૬૫૩૮૬૮ / ૯૮૨૧૩૭૨૯૮૯

✤ **શૈલેષ બાબુલાલ શાહ (શહેરાવાળા)**
એફ-૧૬, યોજના બ્લિડીંગ, બીજે માળે,
ધ ગિરગામ કો.ઓ.હા.સો.લી., સિક્કા નગર,
એસ.વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪
મો. : શૈલેષ - ૯૮૨૦૧૩૫૬૧૧
લત્તા - ૯૬૧૯૫૫૭૦૨૯

✤ **જય શૈલેષ શાહ (શહેરાવાળા)**
એફ-૧૦, યોજના બ્લિડીંગ, બીજે માળે,
ધ ગિરગામ કો.ઓ.હા.સો.લી., સિક્કા નગર,
એસ.વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪
મો. : જય - ૯૮૧૯૫૪૦૪૮૪
નિરાલી - ૯૮૨૧૪૮૬૩૬૩

✤ **શ્રી કિરણ ચીમનલાલ મોદી**
પ્લોટ નંબર ૪૦૩, રોડ નંબર ૨૨-એ
ડોર નંબર : ૦૮-૨-૨૯૩/૮૨/એ
જ્યુબીલી હિલ્સ, હૈદ્રાબાદ - ૫૦૦૦૩૩

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ સ્વ. રાકેશભાઈ કાંતીલાલ કડકીયા (રેણાવડા) | ૫૯ |
| ✤ સ્વ. નલિનીબેન અનિલ દેસાઈ | ૭૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

Authorised Distributors

**POLYCAB**

**WIRES & CABLES**






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

PRABHAT WIRES LLP · Buy POLYCAB, Buy SAFETY

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month
JYOTI PUNJ - November - 2019
WPP License No. MR/TECH/WPP-147/South/2019
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month


# ANUKOOL selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

## SCHOOL UNIFORMS & ACCESSORIES FOR ALL LEADING SCHOOLS

**NAVIN PAREKH** **RASESH PAREKH**

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com


Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.